सत्यमेव जयते

GOVERNMENT OF GUJARAT

**LEGAL DEPARTMENT**

# Bombay Act No. II of 1906

**THE MAMLATDARS' COURTS ACT, 1906**

(As modified upto the 31st December, 1980)

ફકત ગુજરાત વિકાસ સેવા ખાતાકીય પરીક્ષા નિયમો, ૧૯૯૦ હેઠળની ખાતાકીય પરીક્ષાના ઉપયોગ માટે

# સન ૧૯૦૬નો મુંબઈ અધિનિયમ નંબર ૨

**મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬**

**( સન ૧૯૮૦ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા પ્રમાણેનો )**

**( પુનઃ મુદ્રણ - ૨૦૦૩ )**

सत्यमेव जयते

GOVERNMENT OF GUJARAT

LEGAL DEPARTMENT

# Bombay Act No. II of 1906

## THE MAMLATDARS' COURTS ACT, 1906

(As modified upto the 31st December, 1980)

ફકત ગુજરાત વિકાસ સેવા ખાતાકીય પરીક્ષા નિયમો, ૧૯૯૦ હેઠળની ખાતાકીય પરીક્ષાના ઉપયોગ માટે

# સન ૧૯૦૬નો મુંબઇ અધિનિયમ નંબર ૨

## મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬

( સન ૧૯૮૦ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા પ્રમાણેનો )

( પુનઃ મુદ્રણ - ૨૦૦૩ )

## મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬

### અનુક્રમણિકા


| પ્રસ્તાવના | | પૃષ્ઠ |
|---|---|---|
| કલમો | | |
| ૧. | ટૂંકી સંજ્ઞા ... ... ... ... | ૧ |
| | સ્થાનિક વ્યાપ્તિ ... ... ... ... | ૧ |
| ૨. | સન ૧૮૭૬નો મુંબઇનો ૩જો અધિનિયમ રદ કરવા બાબત ... ... ... | ૧ |
| ૩. | અર્થઘટન ... ... ... ... ... | ૧ |
| ૪. | સંયુક્ત મામલતદાર નીમવાની સત્તા ... ... ... ... | ૨ |
| | સંયુક્ત મામલતદારને દાવો સોંપવાની મામલતદારની સત્તા ... ... ... | ૨ |
| | ને સત્તાની સોંપણી ... ... ... ... | ૨ |
| ૫. | મામલતદાર કોર્ટની સત્તા ... ... ... ... | ૨ |
| | મનાઇ હુકમ કાઢવાની સત્તા ... ... ... ... | ૩ |
| | છ મહિનાની અંદર દાવાઓ દાખલ કરવા બાબત ... ... ... | ૩ |
| | દાવાનું કારણ ... ... ... ... ... | ૩ |
| ૬. | દાવાઓ મોકલવાની કલેકટરની સત્તા ... ... ... ... | ૪ |
| ૭. | દાવો કરવો હોય તો દાવા અરજી કરીને શરૂ કરવો ... ... ... | ૪ |
| | દાવા અરજીની વિગતો ... ... ... ... | ૪ |
| ૮. | અવિધિસરની અરજીઓને દાવા અરજીઓ તરીકે ગણવા બાબત ... ... ... | ૫ |
| ૯. | સોગંદ ઉપર વાદીની જુબાની લેવા બાબત ... ... ... ... | ૫ |
| ૧૦. | દાવા અરજી ઉપર સહી અને તેની ખરાઇ કરવી ... ... ... | ૫ |
| ૧૧. | મામલતદારે શેરો કરવા બાબત ... ... ... ... | ૫ |
| | વાદીને લખતાં આવડતું ન હોય ત્યારે અનુસરવાની કાર્યરીતિ ... ... ... | ૫ |
| ૧૨. | દાવા અરજી નામંજૂર કરવા બાબત ... ... ... ... | ૫ |
| ૧૩. | દાવા અરજી પાછી મોકલવા બાબત ... ... ... ... | ૬ |
| ૧૪. | દાવા અરજી ગ્રાહ્ય હોય ત્યારે અનુસરવાની કાર્યરીતિ ... ... ... | ૬ |
| ૧૫. | સાક્ષીઓની હાજરી ... ... ... ... | ૬ |
| ૧૬. | વાદી હાજર થાય નહિ તો ખર્ચ તેની ઉપર નાખી દાવા અરજી નામંજૂર ... ... ... | ૬ |
| | કરવી પ્રતિવાદી હાજર થાય નહિ તો એકપક્ષી કેસની સુનાવણી કરવી ... ... ... | ૬ |
| | પૂરતું કારણ દર્શાવવામાં આવ્યેથી કેસ ફરી સાંભળી શકાશે. વાદી પોતાનો દાવો પાછો ખેંચી લઇ શકશે ... | ૬ |
| ૧૭. | કાર્યવાહી ક્યારે મોકૂફ રાખી શકાય ... ... ... ... | ૬ |
| ૧૮. | સગીર પક્ષકાર થઇ શકે ... ... ... ... | ૭ |
| | વધારે પક્ષકારો દાખલ કરવાની સત્તા ... ... ... ... | ૭ |
| | પક્ષકારનું મૃત્યુ થાય ત્યારે અનુસરવાની કાર્યરીતિ ... ... ... ... | ૭ |

કલમો પૃષ્ઠ


૧૯. સુનાવણી વખતે મામલતદારે નક્કી કરવાના મુદ્દા ... ... ... ૭
બીજા સાક્ષીઓની જુબાની લેવાની તથા તકરારી મિલકતની તપાસ કરવાની મામલતદારની સત્તા ... ... ૮
મામલતદારે કરેલી કાર્યવાહીની નોંધ ... ... ... ... ૯
વાદી અને પ્રતિવાદીની તરફેણમાં થયેલા નિર્ણયો ઉપર મામલતદારે કરવાના હુકમો ... ... ૯
૨૦. મામલતદારનો હુકમ દાવા અરજીમાં લખવો અને ખુલ્લી કોર્ટમાં વાંચવો... ... ... ૯
૨૧. મામલતદારનો નિર્ણય કેવી રીતે અમલમાં લાવવો તે બાબત ... ... ... ૯
ઉગતા પાકો અંગેનો પરંતુક ... ... ... ... ૯
મનાઇ હુકમ બજાવવાની રીત ... ... ... ... ૯
અપાયેલું ખર્ચ વસૂલ કરવા બાબત ... ... ... ... ૯
મનાઇ હુકમની અવજ્ઞા કરવા બદલ કેવી રીતે શિક્ષા કરવી ... ... ... ૧૦
૨૨. પક્ષકારોના હકોને બાધ આવ્યા સિવાય કબજો આપવા બાબત ... ... ... ૧૦
૨૩. અપીલ ઉપર પ્રતિબંધ ... ... ... ... ૧૦
મામલતદારની કાર્યવાહીની ફેરતપાસ કરવાની કલેકટરની સત્તા ... ... ... ૧૦
કલેકટરની સત્તાની સોંપણી ... ... ... ... ૧૦
કલેકટર કોર્ટ ગણાશે ... ... ... ... ૧૦
૨૪. [ કાઢી નાંખી છે. ] ... ... ... ... ૧૦
૨૫. ખોટી દાવા અરજીની ખરાઇ માટે શિક્ષા ... ... ... ... ૧૦
૨૬. અમુક દાવા ઉપર પ્રતિબંધ ... ... ... ... ૧૧
૨૭. રદ કરવા બાબત અને અપવાદ ... ... ... ... ૧૧
અનુસૂચિ ક. ... ... ... ... ... ૧૨
અનુસૂચિ ખ ... ... ... ... ... ૧૩
અનુસૂચિ ખખ ... ... ... ... ... ૧૪
અનુસૂચિ ગ ... ... ... ... ... ૧૫

## સન ૧૯૦૬નો મુંબઈ અધિનિયમ નં. ૨૧

### [ મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬ ]

[ ૨૯મી ઓકટોબર, ૧૯૦૬ ]

સન ૧૯૬૨ના મુંબઈના ૭મા અધિનિયમથી સુધારેલો.
( જાહેર કરવામાં આવ્યું હોય તો ).

સન ૧૯૨૮ના મુંબઈના ૧૧માં અધિનિયમથી સુધારેલો.
એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી સુધારેલો.
*સન ૧૯૪૨ના મુંબઈના ૨૪માં અધિનિયમથી સુધારેલો.
કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી સુધારેલો.
સન ૧૯૫૪ના મુંબઈના ૬૬માં અધિનિયમથી સુધારેલો.
મુંબઈ રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૬ થી સુધારેલો.
સન ૧૯૫૮ના મુંબઈના ૪થા અધિનિયમથી સુધારેલો.
ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી સુધારેલો.
સન ૧૯૬૪ના ગુજરાતના ૧૫માં અધિનિયમથી સુધારેલો.

**મામલતદાર-કોર્ટોની સત્તા અને કાર્યરીતિ અંગેનો કાયદો એકત્રિત કરી સુધારવા બાબત અધિનિયમ.**

મામલતદાર-કોર્ટોની સત્તા અને કાર્યરીતિ અંગેનો કાયદો એકત્રિત કરી સુધારવો ઈષ્ટ હોવાથી નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છે :- પ્રસ્તાવના

ટૂંકી સંજ્ઞા

૧[ (૧) આ અધિનિયમ 'મામલતદાર-કોર્ટ અધિનિયમ, ૧૯૦૬' કહેવાશે.

૨[ (૨) તે સમગ્ર ૩ ] ગુજરાત રાજ્ય ]ને લાગુ પડશે.

સન ૧૯૫૮નો મુંબઈનો ૪થો — બાકીના રાજ્યમાં આરંભ.

(૩) મામલતદાર-કોર્ટ (વ્યાપ્તિ) અધિનિયમ, ૧૯૫૭ થી ૪ [ મુંબઈ રાજ્ય ] ના જે ભાગમાં આ અધિનિયમ લાગુ પાડવામાં આવ્યો હોય તે ભાગમાં, રાજ્ય સરકાર, સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું બહાર પાડીને નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે ].

સન ૧૮૭૬નો મુંબઈનો ૩જો અધિનિયમ રદ કરવા બાબત.

૨. મામલતદાર-કોર્ટ અધિનિયમ, ૧૮૭૬, આથી રદ થાય છે.

અર્થઘટન.

૩. આ અધિનિયમમાં, વિષય અથવા સંદર્ભથી વિરૂધ્ધ ન હોય તો–

૫[ * * * * * * ]

---

૧. ઉદેશો અને કારણો માટે જુઓ, મુંબઈ સરકારી રાજ્યપત્ર, ૧૯૦૫ ભાગ ૭, પાનું ૫૨૦; પ્રવર સમિતિના અહેવાલ માટે જુઓ, મુંબઈ સરકારી રાજ્યપત્ર ૧૯૦૬, ભાગ ૭ પાનું ૫ અને કાઉન્સિલમાંની કાર્યવાહીઓ માટે જુઓ, મુંબઈ સરકારી રાજ્યપત્ર ૧૯૦૮, ભાગ-૭ પાનું ૫૭૮, મુંબઈ સરકારી રાજ્યપત્ર, ૧૯૦૬ ભાગ-૭, પાન ૩૧ અને ૧૮૯.

* આ અધિનિયમ રદ બાતલ થયો હતો અને સન ૧૯૪૭ના મુંબઈના ૪૨માં અધિનિયમની કલમ ૨ થી તેની કલમ ૨ ફરી ઘડવામાં આવી હતી.

૨. સન ૧૯૫૮ના મુંબઈના ૪થા અધિનિયમની કલમ ૩(૧)થી અસલ પેટા-કલમ (૨)ને બદલે આ પેટા-કલમો મૂકી છે.

૩. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી "મુંબઈ શહેર સિવાય, મુંબઈ રાજ્ય," એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૪. એજનથી આ શબ્દો સુધાર્યા વિનાના રહેશે.

૫. એજનથી આ ખંડ કાઢી નાખ્યો છે.

(ક) ''મામલતદાર'' એ શબ્દમાં, તે સમયે [1][મામલતદારની [2] [અથવા મહાલકારીની] સત્તા ધરાવતા મહેસૂલ અધિકારીનો, અને આ અધિનિયમ હેઠળ મામલતદારની સત્તા ધરાવતા [3][[4][રાજ્ય]સરકાર] ખાસ રીતે અધિકૃત કરે તેવી બીજી કોઇ વ્યક્તિનો, સમાવેશ થશે, અને

(ખ) ''વાદી'' અને ''પ્રતિવાદી' એ શબ્દોમાં

(૧) આવા વાદી અથવા પ્રતિવાદી વતી કામ કરવા માટે યોગ્ય રીતે નિમાયેલા વકીલનો, અને

(૨) [5]દીવાની કાર્યરીતિ અધિનિયમની કલમ ૩૭માં વ્યાખ્યા કર્યા મુજબ વાદી અથવા પ્રતિવાદીના માન્ય એજન્ટનો સમાવેશ થશે.

સંયુકત મામલતદાર નીમવાની સત્તા.

૪. (૧) આ અધિનિયમ હેઠળ [3][[4][રાજ્ય] સરકાર] [6][ સરકારી રાજ્યપત્ર ]માં જાહેરનામું બહાર પાડીને, કોઇ તાલુકામાં સંયુક્ત મામલતદાર નીમી શકશે, જેમને મામલતદારના જેવી સમવ્યાપી સત્તા અને સમવર્તી હકૂમત રહેશે, સિવાય કે મામલતદાર પાસેથી તેમને મોકલી આપેલા દાવાનોજ તેમણે નિકાલ કરવાનો રહેશે.

સંયુકત મામલતદારને દાવા સોંપવાની મામલતદારની સત્તા.

(૨) જે માટેની દાવા અરજી કલમ ૭ હેઠળ મામલતદારને રજૂ કરવામાં આવી હોય તે કોઇ દાવાનો આ અધિનિયમ હેઠળ નિકાલ કરવા માટે તે સંયુક્ત મામલતદારને સોંપવાનો અને મૃત્યુ, માંદગી અથવા બીજા કોઇ કારણે સંયુક્ત મામલતદાર આવા કોઇ દાવા નિકાલ કરી શકે તેમ ન હોય તો તે દાવો પોતાની ફાઇલમાં ફરી દાખલ કરવાનો મામલતદારને આથી અધિકાર આપવામાં આવે છે.

[7][ * * * ] સત્તાની સોંપણી.

(૩) પેટા-કલમ (૧) હેઠળ [8][પોતાની] સત્તા [3][[4][રાજ્ય] સરકાર], [9] [કલેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઇ અધિકારીને] સોંપી શકશે.

મામલતદાર કોર્ટની સત્તા

૫. (૧) દરેક મામલતદાર કોર્ટનું અધ્યક્ષસ્થાન લેશે, જેને મામલતદાર-કોર્ટ કહેવાશે, અને કલમ ૬ અને ૨૬ની જોગવાઇઓને આધીન રહીને, તેમને રાજ્ય સરકાર વખતો વખત [10] [નક્કી કરે] તેવી રાજ્યક્ષેત્રની હદમાં–

---

૧. સન ૧૯૫૮ના મુંબઇના જથા અધિનિયમની કલમ ૩(૨) (૨)થી ''મામલતદારની, મુખત્યારની, અથવા મહાલકારીની'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૨. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી ''મહાલકારીની અથવા તહસીલદારની અથવા નાયબ તહસીલદારની'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૩. એડેપ્ટેશન ઓફ લોઝ ઓર્ડર ઇન કાઉન્સિલથી ''ગવર્નર ઇન કાઉન્સિલ'' એ શબ્દોને બદલે ''પ્રાંતિક સરકાર'' એ શબ્દો મૂક્યા છે.

૪. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી ''પ્રાંતિક'' એ શબ્દને બદલે આ શબ્દ મૂક્યો છે.

૫. દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ જુઓ, (સન ૧૯૦૮નો ૫મો અધિનિયમ)

૬. એડેપ્ટેશન ઓફ ઇન્ડિયન લોઝ ઓર્ડર ઇન કાઉન્સિલથી ''મુંબઇ સરકારી રાજ્યપત્ર'' એ શબ્દોને બદલે ''સરકારી રાજ્યપત્ર'' એ શબ્દો મૂક્યા છે.

૭. સન ૧૯૬૪ના ગુજરાતના ૧૫માં અધિનિયમની કલમ ૪, અનુસૂચિથી ''કમિશનરને'' એ શબ્દ રદ કર્યો છે.

૮. એડેપ્ટેશન ઓફ ઇન્ડિયન લોઝ ઓર્ડર ઇન કાઉન્સિલથી ''તેની'' એ શબ્દને બદલે ''પોતાની'' એ શબ્દ મૂક્યો છે.

૯. સન ૧૯૫૮ના મુંબઇના જથા અધિનિયમની કલમ ૩(૩) થી ''કમિશનર'' એ શબ્દને બદલે આ શબ્દો મૂક્યા છે.

૧૦. સન ૧૯૫૪ના મુંબઇના ૬૬માં અધિનિયમની કલમ ૨(૧)(૧)થી ''તાબડતોબ કબજો આપવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કર્યાથી'' એ શબ્દોને બદલે આ શબ્દો, કૌંસો અને આંકડાઓ દાખલ કર્યા છે.

(ક) સીમાંકિત કરેલી નહેરમાં વહેતા કુદરતી જળ પ્રવાહમાં અથવા ખેતી, ચરાઇ ઝાડ અથવા પાક માટે વપરાતી કોઇ જમીનમાંથી કુદરતી રીતે નીકળતા અથવા તેના ઉપર પડતાં પાણીની સપાટીમાં કાયદાના યોગ્ય અધિકારથી કરવામાં આવ્યાં ન હોય તેવા અવરોધ દૂર કરવાની કે કરાવવાની અથવા તે હેતુ માટે વપરાતી જમીનને અથવા તેની ઉપર આવેલ ચરાઇ, ઝાડ કે પાકને એવા અવરોધથી નુકશાન થાય અથવા થવાનો સંભવ હોય તેવી લગોલગની જમીન ઉપર અવરોધ દૂર કરવાની કે કરાવવાની સત્તા રહેશે;

(ખ) કાયદાની રૂએ કામ ચલાવ્યા વગર બીજી રીતે જેની પાસેથી ખેતી કે ચરાઇ કે ઝાડ કે પાક કે મત્સ્યોદ્યોગ માટે વપરાતી કોઇ જમીનોનો અથવા જગાનો કબજો લઇ લીધો હોય અથવા ખેતી વિષયક હેતુ માટે વાપરવામાં આવતા કૂવા, તળાવ, નહેરના અથવા કુદરતી કે કૃત્રિમ કાંસના પાણીનો ઉપયોગ કરવા દેવામાં આવતો ન હોય તે વ્યક્તિને, અથવા માગણી કરેલી મિલકતે અથવા ઉપયોગ માટેનો દાવો માંડતા પહેલાં બાર વર્ષની અંદર અગાઉના જે માલિક અથવા અંશતઃ માલિક ન હોય અથવા એવા માલિક કે અંશતઃ માલિકનો કાયદેસરનો પ્રતિનિધિ ન હોય એવી બીજી કોઇ વ્યક્તિ જેને ગણોતહક્ક કે બીજા હક સમાપ્ત થવાથી તેનો કબજો મેળવવાનો અથવા ઉપર પ્રમાણે તેનો ઉપયોગ-હક પુનઃ પ્રાપ્ત કરવાને જે હકદાર હોય તેને તાત્કાલિક સદરહુ પ્રકારનો કબજો સોંપવાની અથવા સદરહુ પ્રકારનો ઉપયોગ— હક ફરી પ્રાપ્ત કરવા દેવાની સત્તા રહેશે.

પરંતુ કોઇપણ બાબતમાં મામલદારને એમ લાગે કે [૧][આવો કોઇ અવરોધ દૂર કરવા અથવા દૂર કરાવવા અથવા] સમાપ્ત થવાને કારણે જ એવી કોઇ મિલકતનો કબજો આપવો અથવા એવો કોઇ ઉપયોગ-હક્ક પુનઃ પ્રાપ્ત કરવાને હકદાર હોય તેવી કોઇ વ્યક્તિને તે મિલકતનો કબજો આપવો અથવા તેનો ફરી ઉપયોગ કરવા દેવો તે અન્યાયી અને ગેરવાજબી છે, અથવા જો તેમને એમ લાગે કે કોઇ દીવાની કોર્ટ આવા દાવાનો ઈન્સાફ વધારે યોગ્ય રીતે કરી શકશે તો તેઓ સ્વવિવેકાનુસાર ઉપરની સત્તા વાપરવાની ના પાડી શકશે. પરંતુ એવી રીતે ના પાડવાનાં કારણો તેમણે લેખિત નોંધવા જોઇશે.

(૨) સદરહુ કોર્ટને, તે જ જોગવાઇઓને અધીન રહીને, સદરહુ હદમાં [૨][જ્યાં પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલો અવરોધ કરવામાં આવ્યો હોય અથવા તે કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય ત્યાં, અથવા] ખેતી કે ચરાઇ કે ઝાડ કે પાક કે મત્સ્યોદ્યોગ માટે વપરાતી કોઇ જમીન કે જગાનો કબજો ધરાવવામાં કોઇ વ્યક્તિને અથવા ખેતીના હેતુ માટે વપરાતા કોઇ કૂવાના , તળાવના, નહેરના અથવા કુદરતી કે કૃત્રિમ કાંસના પાણીનો ઉપયોગ કરવામાં અથવા આવવા જવાના રસ્તાનો અથવા તેના પરંપરાગત માર્ગોનો ઉપયોગ કરવામાં કોઇ વ્યક્તિને કાયદા પ્રમાણે કામ ચલાવ્યા સિવાય અડચણ કરે ત્યારે અથવા તે પ્રમાણે હરકત અથવા અડચણ કરવાનો પ્રયત્ન કર્યો હોય ત્યારે [૩][આવો અવરોધ કરતી અથવા કરવાનો પ્રયત્ન કર્યો હોય અથવા] આવી હરકત અથવા અડચણ કરતી અથવા કરવાનો પ્રયત્ન કર્યો હોય તેવી વ્યક્તિને ફરીથી [૪][આવો અવરોધ નહિ કરવાનું અથવા તેમ કરવાનો પ્રયત્ન નહિ કરવાનું] અથવા આવી હરકત કે અડચણ નહિ કરવાનું કે તેમ કરવાનો પ્રયત્ન નહિ કરવાનું ફરમાવતો મનાઈ હુકમ કાઢવાની સત્તા રહેશે. મનાઈ હુકમ કાઢવાની સત્તા

(૩) દાવાનું કારણ ઉત્પન્ન થયું હોય તે તારીખથી છ મહિનાની અંદર દાવો માંડવામાં ન આવે તો મામલતદાર-કોર્ટ તેવો દાવો દાખલ કરશે નહિ. છ મહિનાની અંદર દાવાઓ દાખલ કરવા બાબત

(૪) જે તારીખ [૫][સપાટી ઉપરના પાણીના કુદરતી પ્રવાહમાં અવરોધ કરવામાં આવ્યો હોય અથવા સદરહુ જમીન કે જગ્યાનો કબજો લઇ લીધો હોય, અથવા છીનવી લીધો હોય અથવા તેના ગણોતહક્ક કે બીજો હક સમાપ્ત થયો હોય તે તારીખે અથવા જે તારીખે [૬][અવરોધ], હરકત અથવા અડચણ અથવા કરવા ધારેલો [૭][અવરોધ અથવા હરકત અથવા અડચણ ] પ્રથમ શરૂ થઇ હોય તે તારીખે દાવાનું કારણ ઉત્પન્ન થયેલું છે એમ ગણાશે. દાવાનું કારણ.

---

૧. સન ૧૯૫૪ના મુંબઇના હદમાં અધિનિયમની કલમ ૨(૧)(૨) થી આ શબ્દો દાખલ કર્યા છે.
૨. એજનની કલમ ૨(૨)(ક) થી આ શબ્દો કૌંસો અને આંકડાઓ દાખલ કર્યા છે.
૩. એજનની કલમ ૨(૨)(ખ) થી આ શબ્દો દાખલ કર્યા છે.
૪. એજનની કલમ ૨(૨)(ગ) થી આ શબ્દો દાખલ કર્યા છે.
૫. એજનની કલમ ૨(૩)(ક) થી આ શબ્દો દાખલ કર્યા છે.
૬. એજનની કલમ ૨(૩)(ખ) થી આ શબ્દો દાખલ કર્યા છે.
૭. એજનની કલમ ૨(૩)(ગ) થી આ શબ્દો દાખલ કર્યા છે.

સ્પષ્ટીકરણ.—સંયુક્ત માલિકનો સહિયારી મિલકતનો હક તેણે વાપર્યો હોય તો, આ કલમના અર્થ મુજબ બીજા સંયુક્ત માલિક અથવા સંયુક્ત માલિકોનો કબજો લઇ લીધો છએ; અથવા તેના અથવા તેમના કબજાને હરકત કરી છે એમ ગણાશે નહિ.

ઉદાહરણ-૧

**क.** પોતાનું ખેતર એક અથવા વધારે વર્ષની અમુક મુદત સુધી વાવેતર કરવા માટે **ख**ને ગણોતે આપે છે. **ख** તે મુદત પૂરી થઇ ગયા પછી કબજો છોડી દેવાની ના પાડે છે. **ख** તે મિલકતનો દાવો માંડતા પહેલાં બાર વર્ષની મુદતની અંદરનો અગાઉનો માલિક અથવા અંશતઃ માલિક અથવા એવા અગાઉના માલિકનો અથવા અંશતઃ માલિકનો કાયદેસર પ્રતિનિધિ ન હોય તો સદરહુ મુદત પૂરી થયાની તારીખથી છ મહિનાની અંદર કોઈપણ સમયે મામલતદાર-કોર્ટમાં કબજા માટે **क** દાવો માંડી શકે.

ઉદાહરણ-૨

**ख** એ **क** નો વાર્ષિક ગણોતિયો છે. [1][વાર્ષિક ગણોત વહીવટ સમાપ્ત કરવાને લગતા કાયદા અનુસાર] **क**એ નોટિસ આપવી જોઇએ તે પ્રમાણે તે વખતે ચાલતું ગણોત વહીવટનું વર્ષ પુરૂ થાય તે પહેલાં **क ख** ને જમીન ખાલી કરવાની નોટીસ આપે છે. આવતા વર્ષની શરૂઆતમાં **ख** તે ખાલી કરવાની ના પાડે છે. **ख** મિલકતનો દાવો માંડવા પહેલાંના બાર વર્ષની મુદતની અંદરનો અગાઉનો માલિક અથવા અંશતઃ માલિક ન હોય અથવા આવા અગાઉના માલિક અથવા અંશતઃ માલિકનો કાયદેસરનો પ્રતિનિધિ ન હોય તો તે વર્ષ શરૂ થયાના છ મહિનાની અંદર કોઇપણ સમયે **क** મામલતદાર-કોર્ટમાં **ख** સામે દાવો માંડી શકે.

ઉદાહરણ-૩

પોતાની કુવામાંથી અથવા પોતાની કાંસના પાણીનો અમુક મુદત માટે ઉપયોગ કરવાની **क**, **ख** ને છૂટ આપે છે. તે મુદત પૂરી થયા પછી કૂવામાંથી અથવા કાંસમાંથી **क** ની સંમતી વગર **ख** પાણી લેવાનું ચાલુ રાખે છે. તે પાણી વાપરવાના હક માટેનો દાવો માંડતા પહેલાં **ख** બાર વર્ષની અંદરનો માલિક અથવા અંશતઃ માલિક ન હોય અથવા તેવા માલિકનો અથવા અંશતઃ માલિકનો કાયદેસરનો પ્રતિનિધિ ન હોય તો, તેની સામે પાણી લેવાનું બંધ કરવાનો કોઇ હુકમ મેળવવા માટે મામલતદાર-કોર્ટમાં સદરહુ મુદત ઉપર પૂરી થયા પછી છ મહિનાની અંદર કોઇપણ સમયે **क**, **ख** ઉપર દાવો માંડી શકે.

ઉદાહરણ-૪

**क** અને **ख** પાટ અથવા કાંસની અથવા એવા-જ કૃત્રિમ કાંસની લગોલગ જમીનો ધરાવે છે. અને જેનો ઉપયોગ માત્ર **ख** જ કરતો આવ્યો છે. **क** તેમાંથી પાણી લે છે. **क** પાણી લેવાનું શરૂ કરે તે તારીખથી છ મહિનાની અંદર કોઇપણ વખતે **ख** તેને તે પ્રમાણે પાણી લેતા અટકાવવા માટે મામલતદાર-કોર્ટમાં મનાઇ હુકમ મેળવવા માટે દાવો કરી શકે.

**દાવાઓ મોકલવાની કલેકટરની સત્તા.**

૬. પક્ષકારોની રીતસરની નોટીસ આપ્યા પછી, કલેકટર પોતાની જિલ્લામાંની કોઇ મામલતદારની કોર્ટમાંથી કોઇ દાવો, પોતાના જિલ્લામાંની બીજા કોઇ મામલતદારની કોર્ટમાં લેખિત હુકમથી મોકલાવી શકશે, અને દાવો આવી રીતે મોકલવામાં આવ્યો હોય તે મામલતદારની કોર્ટને તે દાવાની હકૂમત રહેશે; પરંતુ કલમ ૨૧ હેઠળ ગ્રામ અધિકારીઓ ઉપરનો કોઇ હુકમ, જેના તાબા હેઠળ આવા ગ્રામ અધિકારીઓ હોય તે મામલતદારે કાઢવો જોઇએ.

**દાવો કરવો હોય તો દાવા અરજી કરીને શરૂ કરવો. દાવા અરજીની વિગતો.**

૭. આ અધિનિયમ હેઠળના તમામ દાવાઓ દાવા અરજી કરીને શરૂ કરવા જોઇએ. વાદીએ આવા ખુલ્લી કોર્ટમાં મામલતદારને રજૂ કરવાના રહેશે, અને તેમાં નીચેની વિગતો હોવી જોઇએ :—

(ક) વાદીનુ નામ, ઉંમર, ધર્મ, જ્ઞાતિ, ધંધો અને રહેઠાણ ;

(ખ) પ્રતિવાદીનું નામ, ઉંમર, ધર્મ, જ્ઞાતિ અને રહેઠાણ.

[2](ખખ) અવરોધ કરવામાં આવ્યો હોય તેનો પ્રકાર અને તે ક્યાં કરવામાં આવ્યો છે તે સ્થળ અને એક બીજાની લગોલગ આવેલી જમીનોનું સ્થાન, અને માંગેલી દાદનો પ્રકાર ].

---

૧. સન ૧૯૫૮ના મુંબઇના ૪૫ા અધિનિયમની કલમ-૩(૪) થી "કલમ-૮૪ હેઠળ" એ શબ્દો અને આંકડાઓની શરૂ થતા અને "ત્રણ મહિના" એ શબ્દોથી પૂરા થતાં શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૨. સન ૧૯૫૪ના મુંબઇના ૬૬માં અધિનિયમની કલમ-૩થી આ ખંડ દાખલ કર્યો છે.

(ગ) જેનો કબજો, ઉપયોગ કરવા માટે માંગેલો હોય તે મિલકતનો પ્રકાર અને સ્થળ અથવા યથાપ્રસંગ, જે મનાઇ હુકમ કરવાનો હોય તેનો પ્રકાર ;

(ઘ) જે તારીખે દાવાનું કારણ ઉત્પન્ન થયું હોય તે તારીખ ;

(ચ) જે હકીકતો ઉપરથી દાવાનું કારણ ઉત્પન્ન થયું હોય તે હકીકત ; અને

(છ) વાદીના દસ્તાવેજો હોય તો તેમની, અને તેના સાક્ષીઓ હોય તો તેમની યાદી, જેમાં દરેક સાક્ષી શું પુરાવો આપશે તે અને હાજર થવા માટે તેવા સાક્ષીઓને બોલાવવાના છે કે વાદી તેઓને કલમ ૧૪ હેઠળ નક્કી કરેલી તારીખે અને સ્થળે હાજર કરશે તે દર્શાવવાનું.

૮. દાવા અરજીના નમૂનામાં ન હોય તેવી અરજી મામલતદારને રજૂ કરવામાં આવી હોય અને તેનો વિષય કલમ ૫ના ક્ષેત્રમર્યાદામાં આવી જતો તેને લાગે ત્યારે, મામલતદાર અરજી રજૂ કરનાર વ્યક્તિને આ અધિનિયમનથી મળી શકતી દાદનો પ્રકાર સમજાવશે અને તે અરજદારની દાદ મેળવવાની ઇચ્છા છે કે નહિ તેની તપાસ કરશે. અરજદાર તે પ્રમાણે દાદ મેળવવાની ઇચ્છા દર્શાવે તો મામલતદાર, તેની ઇચ્છા તે અરજી ઉપર નોંધશે અને ત્યાર પછી તે અરજી કલમ ૭ હેઠળ રજુ કરેલી દાવા અરજી છે એમ ગણાશે.

અવિધિસરની અરજીઓ દાવા અરજી તરીકે ગણવા બાબત.

૯. દાવા અરજીમાં કલમ ૭માં નિર્દિષ્ટ કરેલી વિગતો જણાવી ન હોય અથવા તેમાં નકામું લંબાણ કર્યું હોય ત્યારે મામલતદાર વાદીની સોગંદ ઉપર તુરત જુબાની લેશે. અને કલમ ૭માં નિર્દિષ્ટ કરેલી જે વિગતો, દાવા અરજીમાં સ્પષ્ટ રીતે અને બરાબર જણાવી ન હોય તે તેની પાસેથી જાણી લેશે. અને જુબાની દાવા અરજી ઉપર શેરાના અથવા તેની પુરવણીના રૂપમાં લખી રાખશે તેમ થયે જુબાની દાવા અરજીનો ભાગ બનશે જ્યારે વાદી કલમ ૭ માં નિર્દિષ્ટ કરેલી કોઇ વિગત મેળવવા માટે મુદત માંગે ત્યારે મામલતદાર, તમામ સંજોગોનો એકંદરે વિચાર કરતાં વાજબી લાગે તે મુદત તેને આપશે.

સોગંદ ઉપર વાદીની જુબાની લેવા બાબત.

૧૦. દાવા અરજી રજુ કરવામાં આવી હોય અને તેના સંબંધમાં જરૂર હોય અને કલમ ૯માં નિર્દિષ્ટ કરેલી રીતે વ્યવસ્થા કરવામાં આવી હોય ત્યારે મામલતદારે, વાદીને તે અરજી ઉપર પોતાની રૂબરૂ ખુલ્લી કોર્ટમાં સહી કરવાનું અને તેની ખરાઇ નીચેની રીતે અથવા તે પ્રમાણે કરવાનું ફરમાવવું.

''હું ક, ખ, વાદી એકરાર કરૂં છું કે આ દાવા અરજીમાં જે જણાવેલું છે તે મારી પૂરી માહિતી અને માન્યતા પ્રમાણે ખરૂ છે.''

દાવા અરજી ઉપર સહી અને તેની ખરાઈ કરવી.

૧૧. (૧) દાવા અરજી ઉપર સહી તથા ખરાઇ યોગ્ય રીતે કરવામાં યોગ્ય રીતે કરવામાં આવી છે એ મામલતદારે તે દાવા અરજી ઉપર શેરો કરવાનો રહેશે.

મામલતદારે શેરો કરવા બાબત.

(૨) વાદીને લખતા આવડતું ન હોય ત્યારે, ખરાઇ ભર કોર્ટમાં તેના તરફથી બીજા પાસે લખાવીને કરી શકાશે અને ખરાઇના પ્રમાણીકરણ માટે તેને પોતાના નામ પાસે પોતાની નિશાની કરવી જોઇશે અને આવા દાખલામાં, મામલતદારે એવી નોંધ કરવી પડશે કે વાદીની વિનંતી ઉપરથી ખરાઇ તેની રૂબરૂ કરવામાં આવી હતી અને તેની નિશાની તેવી રીતે રૂબરૂ કરવામાં આવી હતી.

વાદીને લખતાં આવડતું ન હોય ત્યારે અનુસરવાની કાર્યરીતિ.

૧૨. જ્યારે–

(ક) વાદી, કલમ ૯ હેઠળ, સોગંદ ઉપર કથન કરવાની ના પાડે; તો અથવા

(ખ) વાદી, કલમ ૯ હેઠળ સોગંદ ઉપર કથન કરવાને ખુશી હોય અથવા તેણે તેવું કથન કર્યું હોય પરંતુ કલમ ૭માં નિર્દિષ્ટ કરેલી વિગતો કલમ ૯ હેઠળ નક્કી કરેલી મુદતની અંદર પૂરી પાડે નહિ તો અથવા બિલકુલ આપે નહિ; અથવા

(ગ) દાવા અરજી ઉપરથી એમ લાગે કે–

(૧) માંગણી કરેલી મિલકત અથવા તેનો ઉપયોગ કલમ ૫માં નિર્દિષ્ટ કરેલા પ્રકારનો નથી; અથવા

(૨) દાવા અરજી રજુ કરવામાં આવી તેની અગાઉ વધારેમાં વધારે છ મહિનાની મુદતમાં દાવાનું કારણ ઉત્પન્ન થયું હતું; અથવા

(૩) વાદી, દાવા અરજી ઉપર કલમો ૧૦ અને ૧૧ થી ઠરાવ્યા પ્રમાણે સહી અથવા તેની ખરાઇ કરવાની ના પાડે;

ત્યારે મામલતદાર દાવા અરજી નામંજુર કરી શકશે.

દાવા અરજી નામંજૂર કરવા બાબત.

**દાવા અરજી પાછી મોકલવા બાબત.**

૧૩. દાવા અરજીનો વિષય પોતાની હકૂમતમાં આવતો નથી એમ મામલતદારને લાગે તો, તેણે તે દાવા અરજી યોગ્ય કોર્ટમાં રજુ કરવા માટે પાછી આપવી જોઇશે.

**દાવા અરજી ગ્રાહ્ય હોય ત્યારે અનુસરવાની કાર્યરીતિ.**

૧૪. (૧) દાવા અરજી ગ્રાહ્ય હોય ત્યારે, મામલતદાર તે સ્વીકારીને દાખલ કરશે. તે પછી કેસના ઈન્સાફ માટે અનુકુળ દિવસ અને સ્થળ તે નક્કી કરશે અને અનુસૂચિ કના નમૂના પ્રમાણેની નોટીસ વાદીના ખર્ચે પ્રતિવાદી ઉપર કાઢશે, તે વાદીને નક્કી કરેલા દિવસે અને સ્થળે પોતાના દસ્તાવેજો અને સાક્ષીઓ હોય તો તે સાથે હાજર થવા ફરમાવશે.

(૨) કેસના ઈન્સાફ માટે નક્કી કરવાની તારીખે, જે તારીખે નોટિસ કાઢવામાં આવી હોય તે તારીખથી દસ દિવસ કરતાં વહેલી અથવા પંદર દિવસ કરતાં મોડી હોવી જોઇએ નહિ, સિવાય કે મામલતદારને પૂરતા કારણસર તેમ કરવાનું જરૂરી લાગે. આવા કારણોની મામલતદારે પોતાના હાથે લેખિત નોંધ કરવી જોઇશે.

(૩) કેસનો ઈન્સાફ કરવા માટે નક્કી કરવાનું સ્થળ મામલતદારની કચેરી અથવા તકરાર ઉત્પન્ન થયાનું સ્થળ અથવા તેની નજીકનું સ્થળ અથવા મામલતદારના મત પ્રમાણે પક્ષકારોને અનુકુળ લાગે તે સ્થળ રહેશે.

**સાક્ષીઓની હાજરી.**

૧૫. (૧) જયારે કોઇ પક્ષકાર નક્કી કરેલા દિવસે અને સ્થળે હાજર થવા માટે કોઇ સાક્ષીને બોલાવવા માગે ત્યારે મામલતદારે તે હેતુ માટે સમન્સ કાઢવા જોઇશે.

(૨) જો કોઇ સાક્ષી તે સમયે હાજર થાય નહિ અને સમન્સ પ્રમાણે હાજર થવાનું બની શકે એવી મુદતમાં સમન્સ તેના ઉપર બજાવવામાં આવ્યો છે એમ સાબિત થાય અને એવી રીતે હાજર ન થવા માટે વાજબી કારણ બતાવવામાં આવ્યું ન હોય તો મામલતદાર, કારણોની લેખિત નોંધ કરીને તેવા સાક્ષીઓને ગિરફતાર કરવા માટે વોરંટ કાઢી શકશે.

(૩) તાબાની દીવાની કોર્ટોમાં સાક્ષીઓને હાજર કરાવવાના સંબંધમાં વખતોવખત અમલમાં હોય તે નિયમો પ્રમાણે સાક્ષીને આ પ્રમાણે હાજર થવામાં થયેલા ખર્ચની ચૂકવણી કરવામાં આવશે.

**વાદી હાજર થાય નહિ તો ખર્ચ તેની ઉપર નાંખી દાવા અરજી નામંજૂર કરવી.**

૧૬. (૧) વાદી, નક્કી કરેલા સ્થળે અને તારીખે હાજર થાય નહિ અથવા તેના દસ્તાવેજો તે રજૂ કરે નહિ અથવા તેના સાક્ષીઓને હાજર કરાવવાની વ્યવસ્થા કરે નહિ, તો હાજર થાય કે ન થાય તો પણ, મામલતદાર પ્રતિવાદી દાવો કબૂલ કરે તે સિવાયના પ્રસંગે દાવાઅરજી ખર્ચ સાથે કાઢી નાંખશે.

**પ્રતિવાદી હાજર થાય નહિ તો એકપક્ષી કેસની સુનાવણી કરવી.**

(૨) કલમ ૧૪ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે વાદી હાજર થાય પરંતુ પ્રતિવાદી હાજર ન થાય અને પ્રતિવાદી ઉપર યોગ્ય રીતે નોટિસ બજાવવામાં આવી છે અને નોટિસમાં નક્કી કરેલા દિવસે પ્રતિવાદી હાજર રહી શકે અને જવાબ આપી શકે તેવા પૂરતા સમયમાં તે બજાવી છે એમ પોતાની આગળ આવેલા પુરાવાની મામલતદારને ખાતરી થાય તો તેમણે દાવા અરજી એકપક્ષી સાંભળી તેનો નિર્ણય કરવો જોઇશે :

**પૂરતું કારણ દર્શાવવામાં આવ્યેથી કેસ ફરી સાંભળી શકાશે.**

પરંતુ પેટા-કલમ (૧) હેઠળ દાવા અરજી કાઢી નાખ્યાની અથવા પેટા-કલમ (૨) મુજબ એકપક્ષી નિર્ણય કર્યાની તારીખથી ૩૦ દિવસની અંદર કોઇપણ સમયે બેમાંથી કોઇ પક્ષકાર મામલતદારને ખાતરી કરી આપે કે યથા પ્રસંગ અમૂક અનિવાર્ય સંજોગોમાં મારાથી હાજર થવાયું નહોતું અથવા મારા દસ્તાવેજ રજુ કરી શકાયા નહોતા અથવા મારા સાક્ષીઓ હાજર કરાવવાની વ્યવસ્થા કરી શકાઇ નહોતી, તો મામલતદાર, અરજદારને ખર્ચે સામા પક્ષકાર ઉપર અનુસૂચિ ખના નમૂના પ્રમાણેની નોટિસ કાઢે અને સામા પક્ષકારને સાંભળ્યા પછી અરજદાર કહે છે તે પ્રમાણે તે હાજર થઇ શક્યો ન હતો એવી પોતાને ખાતરી થાય તો તે નક્કી કરે તે સમયે અને સ્થળે કેસ ફરી સાંભળે તો તે કાયદેસર ગણાશે :

**ાદી પોતાનો ાવોપાછો ંચી લઈ ાકશે.**

પરંતુ ઉપરની જોગવાઇઓના કોઇપણ મજકૂરથી પ્રતિવાદીનો ખર્ચ આપીને વાદીને પોતાનો દાવો પાછો ખેંચી લેવામાં બાધ આવશે નહીં.

**કાર્યવાહી ક્યારે મોકૂફ રાખી શકાય.**

૧૭. (૧) કલમ ૧૬ની પેટા-કલમ (૨) માં જણાવેલા દાખલામાં મામલતદારને પોતાની સમક્ષ પડેલા પુરાવા ઉપરથી પ્રતિવાદી ઉપર નોટિસ યોગ્ય રીતે અને તેમાં તે નક્કી કરેલા દિવસે પ્રતિવાદી હાજર થઇને જવાબ આપી શકે એટલી મુદતની અંદર બજાવવામાં આવી છે એવી ખાતરી ન થાય તો તેમણે તે કેસના ઈન્સાફનું કામ મોકૂફ રાખવું જોઇશે. અને પ્રતિવાદી ઉપર કલમ ૧૪ની પેટા-કલમ (૧) હેઠળ નવી નોટિસ કાઢવી જોઇશે.

(૨) જેને યોગ્ય રીતે સમન્સથી બોલાવવામાં આવ્યો હોય અને જેની ગિરફતારી માટે કલમ ૧૫ની પેટા-કલમ (૨) હેઠળ વોરંટ કાઢવામાં આવ્યું હોય તે સાક્ષી નક્કી કરેલા દિવસે અને સ્થળે હાજર થાય નહિ; તો હાજર રહેલા સાક્ષીઓનો પુરાવો લીધા પછી પોતાને લાગે કે તેમ કરવા માટે પૂરતું કારણ છે તો મામલતદાર તેવા સાક્ષીને હાજર કરવામાં ફરજ પાડવામાં આવે ત્યાં સુધી દાવાની સુનાવણી વખતોવખત મોકૂફ રાખી શકાશે.

(૩) મામલતદાર બીજા કોઇ પૂરતાં કારણોસર ( જેની તેમણે લેખિત નોંધ કરવી ) એવા કેસમાં ઈન્સાફનું કામ પોતાને યોગ્ય લાગે તેટલી મુદત સુધી મોકૂફ રાખી શકશે, પરંતુ એવી મુદત સામાન્ય રીતે દશ દિવસ કરતા વધારે હોવી જોઇશે નહિ.

(૪) આ કલમ પ્રમાણે જે તારીખે કેસના ઈન્સાફનું કામ મોકૂફ રાખવામાં આવે તે તારીખે ઈન્સાફના કામ માટે મૂળથી નક્કી કરેલી તારીખ હોય તેમ તે તારીખને કલમો ૧૫ અને ૧૬ ની જોગવાઇઓ લાગુ પડશે.

**સગીર પક્ષકાર થઈ શકે.**

૧૮. (૧) કોઇ સગીરને સ્વભાવિક વાલી અથવા યોગ્ય રીતે નિમાયેલા વાલી હોય તો તે દાવો માંડી શકશે અથવા તેના ઉપર દાવો માંડી શકાશે.

**વધારે પક્ષકારો દાખલ કરવાની સત્તા.**

(૨) મામલતદાર, કાર્યવાહીના કોઇ તબક્કે હુકમ કરી શકશે કે માંગણી કરેલી મિલકતનો અથવા ઉપયોગનો અથવા તેના કોઇ ભાગનો કબજો અથવા ભોગવટો જેને તબદીલ કરી આપ્યો હોય તે વ્યક્તિનું નામ, અથવા મુદ્દાનો અસરકારક અને પૂરેપૂરી રીતે કોર્ટ નિર્ણય કરી શકે તે માટે જેને પક્ષકાર તરીકે દાખલ કરવાની જરૂર હોય તેનું નામ કેસના સંજોગો જોતા જરૂરી લાગે તે પ્રમાણે વાદી અથવા પ્રતિવાદી તરીકે ઉમેરી શકશે :

પરંતુ કોઇ વ્યક્તિનું નામ તેની સંમતિ વગર વાદી તરીકે ઉમેરી શકાશે નહિ :

વધુમાં દાવો નિકાલ બાકી હોય તે દરમિયાન તબદીલ કરી લેનાર સિવાયની જે વ્યક્તિનું નામ તેવી રીતે ઉમેરવામાં આવ્યું હોય તેની બાબતમાં, સદરહુ દાવો કલમ ૫ની પેટા-કલમ (૩) ના હેતુઓ માટે તેનું નામ ઉમેરવામાં આવ્યું હોય તે દિવસે માંડવામાં આવ્યો છે એમ ગણાશે.

**પક્ષકારનું મૃત્યુ થાય ત્યારે અનુસરવાની કાર્યરીતિ.**

(૩) દાવો નિકાલ બાકી હોય તે દરમિયાન કોઇ પક્ષકારનું મૃત્યુ થાય તો–

(૧) મૃત્યુ થયાના એક મહિનાની અંદર અરજી કરવામાં આવે તો, મામલતદાર મર્હુમ પક્ષકારનો કાયદેસર પ્રતિનિધિ કોણ છે તે સંક્ષિપ્ત કાર્યવાહી કરીને નક્કી કરશે અને તેવા પ્રતિનિધિનું નામ દફતરમાં દાખલ કરશે ;

(૨) જો એવી અરજી કરવામાં ન આવે તો ફરિયાદ બંધ થયેલી ગણાશે.

(૪) મામલતદાર કોઇ વ્યક્તિનું નામ પ્રતિવાદી તરીકે ઉમેરવાનો હુકમ કરે અથવા મર્હુમ પ્રતિવાદીના કાયદેસર પ્રતિનિધિ તરીકે કોઇ વ્યક્તિનું નામ દફતરે દાખલ કરે ત્યારે તે તેવી વ્યક્તિ ઉપર કલમ ૧૪માં જોગવાઇ ક્યાં પ્રમાણેની નોટિસ કાઢશે; અને ઇન્સાફનું કામ તેવી નોટિસમાં નક્કી કરેલી તારીખે આગળ ચાલશે.

**સુનાવણી વખતે મામલતદારે નક્કી કરવાના મુદ્દા.**

૧૯. (૧) નક્કી કરેલા દિવસે અથવા કાર્યવાહી મોકૂફ રાખવામાં આવી હોય તેવા કોઇપણ દિવસે મામલતદાર કલમ ૧૬ની જોગવાઇઓને આધીન રહીને પોતાની સમક્ષ હોય તે પુરાવો ત્યાં ને ત્યાં સાંભળવાનું ૧[ અને નીચેના મુદ્દાઓ ઈન્સાફ કરવાનું શરૂ કરશે :–

(ક્ક) વાદી એમ કહેતો હોય કે પ્રતિવાદીએ ઊભા કરેલા બાંધકામથી પોતાની જમીનમાંથી આવતા સપાટીના પાણીના કુદરતી પ્રવાહમાં અવરોધ થયો છે, જેનાથી પોતાની જમીનને અથવા તે ઉપરની ચરાઇ, ઝાડ અથવા પાકને નુકશાન થયું છે અથવા નુકશાન થવાનો સંભવ છે તો–

---

૧. સન ૧૯૫૪ના મુંબઈના ૬૬માં અધિનિયમની કલમ ૪થી અસલને બદલે આ શબ્દો, કૌંસો, અક્ષરો, આંકડાઓ અને વિરામ ચિહ્નો મૂક્યા છે.

(૧) સપાટીનું પાણી વાદીની જમીનમાંથી પ્રતિવાદીની જમીન ઉપર કુદરતી રીતે સીમાંકિત નહેરમાં કે બીજી રીતે વહે છે કે કેમ :

(૨) પ્રતિવાદીએ, કાયદાના યોગ્ય અધિકારથી હોય તે સિવાય બીજી રીતે આવા પ્રવાહમાં અવરોધ ઉભો કર્યો છે કે કેમ ;

(૩) દાવો દાખલ કરવામાં આવ્યો તે પહેલાં, છ મહિનાની અંદર પાણીના આવા કુદરતી પ્રવાહમાં અવરોધ થવાથી પાણી અટકી ગયું છે કે કેમ ;

(૪) અવરોધથી વાદીની જમીનને અથવા તે ઉપરની ચરાઇ, ઝાડ અથવા પાકને નુકશાન થયું છે અથવા નુકશાન થવાનો સંભવ છે કે કેમ ;]

(ક) વાદી એમ કહેતો હોય કે તેની પાસેથી કોઇ મિલકતનો ગેરકાયદે કબજો લેવામાં આવ્યો છે અથવા તેને કોઇ ઉપયોગ કરવા દેવામાં આવ્યો નથી તો–

(૧) વાદી અથવા તેની વતી કોઇ વ્યક્તિ અથવા જેની મારફત તે દાવો કરતો હોય તેવી કોઇ વ્યક્તિ દાવો દાખલ કરવામાં આવ્યો તે પહેલાં છ મહિનાની અંદર કોઇપણ સમયે માગણી કરેલી મિલકત અથવા ઉપયોગ કે ભોગવટો કરે છે કે કેમ;

(૨) પ્રતિવાદી દાવાના સમયે તે કબજો ધરાવે છે કે કેમ, અને જો તેમ હોય તો તેણે કાયદા પ્રમાણે હોય તે સિવાય બીજી રીતે કબજો મેળવ્યો છે કેમ;

(ખ) વાદી એમ કહેતો હોય કે અમુક મિલકત અથવા ઉપયોગ અંગે પ્રતિવાદીનો સત્તા પ્રકાર અથવા બીજો હક સમાપ્ત થયાને લીધે તે મિલકતનો કબજો કરવાનો અથવા ઉપયોગ-હક, પુનઃપ્રાપ્ત કરવાનો તેનો હક છે તો–

(૧) વાદી અથવા જેની મારફતે વાદી દાવો કરતો હોય તે વ્યક્તિ પાસેથી પ્રાપ્ત થયેલા હકથી તે મિલકતનો કબજો અથવા તે ઉપયોગનો ભોગવટો પ્રતિવાદી કરે છે કે કેમ;

(૨) દાવો દાખલ કર્યાની અગાઉ છ મહિનાની અંદર કોઇપણ સમયે એવો હક સમાપ્ત થયો છે કે કેમ;

(૩) સદરહુ પ્રતિવાદી માંગણી કરેલી મિલકતનો અથવા ઉપયોગનો દાવો માંડયાની પહેલાં બાર વર્ષની મુદતની અંદર જે અગાઉનો માલિક અથવા અંશતઃ માલિક હોય તે વ્યક્તિ સિવાયની તથા એવા અગાઉના માલિક અથવા અંશતઃ માલિકના કાયદેસર પ્રતિનિધિ સિવાયની બીજી કોઇ વ્યક્તિ છે કે કેમ;

(ગ) વાદી એમ કહેતો હોય કે મિલકતનો કબજો અથવા ઉપયોગનો ભોગવટો હજી સુધી તેની પાસે છે, પરંતુ તેના કબજાને અથવા ઉપયોગને પ્રતિવાદી હરકત અથવા અડચણ કરે છે અથવા હરકત અથવા અડચણ કરવાનો તેણે પ્રયત્ન કર્યો છે, તો–

(૧) માંગણી કરેલી મિલકતનો અથવા ઉપયોગનો કબજો અથવા ભોગવટો વાદીની પાસે અથવા તેના વતી કોઇ વ્યક્તિની પાસે ખરેખર છે કે કેમ;

(૨) તેવા તેના કબજાને અથવા ઉપયોગને પ્રતિવાદી હરકત અથવા અડચણ કરે છે કે કેમ, અથવા પ્રતિવાદી હરકત અથવા અડચણ કરવાનો પ્રયત્ન કર્યો છે કે કેમ;

(૩) દાવો દાખલ કર્યા અગાઉ છ મહિનાની અંદર તેવી હરકત અથવા અડચણ, અથવા તેવી હરકત અથવા અડચણ કર્યાનો પ્રથમ પ્રયત્ન શરૂ થયો હતો કે કેમ;

**બીજા સાક્ષીઓની જુબાની લેવાની તથા તકરારી મિલકતની તપાસ કરવાની મામલતદારની સત્તા.**

(૨) મામલતદારને ન્યાયના હિતમાં તેમ કરવું યોગ્ય લાગે તો તેમને, પક્ષકારોને યોગ્ય નોટિસ આપીને તથા તેમની રૂબરૂ જે કોઇ વ્યક્તિને બોલાવી ન હોય અથવા હાજર કરી ન હોય તે વ્યક્તિને સાક્ષી તરીકે બોલાવીને તેની જુબાની લેવાની અને બેમાંના એક પક્ષકારે માગ્યો ન હોય અથવા રજૂ કર્યો ન હોય તે દસ્તાવેજ માગવાની અને સાબિત કરવાની સત્તા છે અને પોતાને યોગ્ય લાગે તો, જાતે જઇ તકરારી મિલકત, પક્ષકારોની રૂબરૂ અથવા તેમને યોગ્ય નોટિસ આપ્યા પછી તપાસવાની સત્તા છે.

૧[ પક્ષકારો હાજર હોય તો, તેમને ત્યાં ને ત્યાં સાંભળ્યા પછી મામલતદાર એવી તપાસ કરતી વખતે ધ્યાન ઉપર આવેલી સંબંધ ધરાવતી વિગતોની યાદીની વિના વિલંબે નોંધ કરશે. તે યાદી કેસના દફતરનો એક ભાગ બનશે. ]

---

૧. સન ૧૯૨૮ના મુંબઇના ૧૧માં અધિનિયમની કલમ ૨, પહેલી અનુસૂચિથી આ શબ્દો ઉમેર્યા છે.

(૩) દરેક સાક્ષીની જુબાની લેવાતી જાય તેમ તેમ મામલતદાર તેની જુબાનીના સારાંશની યાદી પોતાની હાથે તૈયાર કરશે અથવા તેના ઉપર સહી કરશે, અને પોતાના નિર્ણયનાં કારણો ટૂંકમાં નોંધશે. મામલતદારે કરેલી કાર્યવાહીની નોંધ.

(૪) મુદ્દાઓ ઉપરનો મામલતદારનો નિર્ણય વાદીની તરફેણમાં હોય, ત્યારે કેસની હકીકત પ્રમાણે જે હુકમ કરવાનું પોતાને યોગ્ય લાગે અને કલમ ૫ થી પોતાને મળેલી સત્તાની બહાર ન હોય તેવો હુકમ તે કરશે અને તેનો નિર્ણય પ્રતિવાદીની તરફેણમાં હોય ત્યારે, તે દાવો કાઢી નાંખશે. બેમાંથી કોઈપણ સદર પ્રસંગે દાવાનું ખર્ચ બજાવણીના ખર્ચ સહિત જેની વિરુદ્ધ નિર્ણય થાય તેણે આપવાનું રહેશે. વાદી અને પ્રતિવાદીની તરફેણમાં થયેલા નિર્ણયો ઉપર મામલતદારે કરવાના હુકમો.

૨૦. મામલતદારનો દાવા અરજી નામંજુર કરતો કે પાછી આપતો અથવા દાવો મંજુર કરતો કે નામંજુર કરતો હુકમ, મામલતદારે તે અરજી ઉપર લખવો જોઈશે. તે જ દિવસે અથવા બીજા કોઈપણ દિવસે ખુલ્લી કોર્ટમાં વાંચવો જોઈશે. એવા બીજા દિવસની યોગ્ય નોટિસ તેણે પક્ષકારોને અથવા તેમના વકીલોને આપવી જોઈશે અને તે હુકમના કારણો તેણે ટૂંકમાં રેકર્ડ પર લખવાં જોઈશે. મામલતદારનો હુકમ દાવા અરજીમાં લખવો અને ખુલ્લી કોર્ટમાં વાંચવો.

૨૧. (૧) મામલતદારનો નિર્ણય [૧][અવરોધ દૂર કરવા અથવા] કબજો આપવા માટે અથવા ઉપયોગ હક પુનઃપ્રાપ્ત કરવા માટે હોય તો તે ગ્રામ અધિકારીઓને અથવા તેના તાબાના કોઈ અધિકારીને અથવા તેને યોગ્ય લાગે તો બીજી રીતે હુકમો કાઢીને અમલમાં લાવશે : મામલતદારનો નિર્ણય કેવી રીતે અમલમાં લાવવો તે બાબત.

પરંતુ આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં [૨][ કોઈ જમીન ઉપર ઉભો કરેલો અવરોધ દૂર કરવા માટે અથવા કોઈ જમીનનો કબજો આપવા માટે ] મામલતદારે કોઈ નિર્ણય નોંધ્યો હોય તે વખતે તેવી જમીન ઉપર પ્રતિવાદીએ અથવા તેના ખર્ચે પાક વાવ્યો હોય અને મામલતદારને એમ ખાતરી થાય કે શુધ્ધ બુધ્ધિથી તે વાવવામાં આવ્યો છે. ત્યારે મામલતદાર તે જમીનનો કબજો માગતાં વાદીને નીચે જણાવ્યું છે ત્યાં સુધી તેનો કબજો નહિ આપવાનો હુકમ કરી શકશે અને પ્રતિવાદી તે હેતુ માટે અરજી કરે અને દાવાના ખર્ચ પેટે પૂરતી જામીનગીરી આપે અથવા કોર્ટમાં પૂરતી રકમ અનામત મૂકે તો મામલતદારે તેવો હુકમ કરવો જોઈશે-- ઉગતા પાકો અંગેનો પરંતુક.

(ક) તે સમયે પાકનો જે ભાવ હોય તે ભાવે મામલતદારના હુકમની રૂએ તેની જે કિંમત ઠરાવવામાં આવે તે કિંમતે વાદી તે પાક લેવાનું કબૂલ કરે ત્યાં સુધી ચાલુ વર્ષ માટે પ્રતિવાદી ભરે તે સરકાર આકારણીના કોઈ હપ્તાનો તેવી કિંમતમાં સમાવેશ થાય છે.

(ખ) સદરહુ વાદી ઉપરની કિંમતે પાક લેવાને અનિચ્છા દર્શાવે ત્યારે, પ્રતિવાદીને તે પાક એકઠો કરવા માટે પૂરતો હોય તેટલો સમય વીતી જાય ત્યાં સુધી.

આ પેટા કલમના પરંતુકના ખંડ (ક) હેઠળ ઠરાવેલી કિંમતની રકમ મામલતદાર મારફત પ્રતિવાદીને ચૂકવવામાં આવશે અને વાદી પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે તે વસૂલ કરી શકાશે.

(૨) મામલતદારનો નિર્ણય, મનાઈ હુકમ આપવા માટેનો હોય ત્યારે તેણે [૩][ યથા પ્રસંગ, અનુસૂચિ, ખ ખ - અથવા ગ ના નમૂના પ્રમાણે તે હુકમ કરાવીને ] પ્રતિવાદી હાજર હોય તો તેને ત્યાં જ આપવો અથવા સોંપવો જોઈશે અથવા જો પ્રતિવાદી હાજર ન હોય તો તેના ઉપર તે બજાવવા માટે ગ્રામ-અધિકારીઓને અથવા તેના તાબા હેઠળના કોઈ અધિકારીને મોકલી આપવાનો રહેશે. મનાઈ હુકમ બજાવવાની રીત.

(૩) મામલતદાર ખર્ચ અપાવવાનો હુકમ કરે ત્યારે તે ખર્ચ બજવણીના ખર્ચ સહિત આપવાનો જે પક્ષકારને હુકમ કર્યો હોય તેની પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસૂલ કરી શકાશે. અપાયેલું ખર્ચ વસુલ કરવા બાબત.

---

૧. સન ૧૯૫૪ના મુંબઈના ૬૬માં અધિનિયમની કલમ ૫(૧)(ક)થી આ શબ્દો દાખલ કર્યા છે.

૨. એજનની કલમ ૫(૧)(ખ) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩. એજનની કલમ ૫(૨) થી અસલને બદલે આ શબ્દો અને અક્ષરો મૂકયા છે.

**મનાઈ હુકમની અવજ્ઞા કરવા બદલ કેવી રીતે શિક્ષા કરવી.**

(૪) પેટા-કલમ (૨) મુજબ આપેલા મનાઈ હુકમની અવજ્ઞા કરતી કોઈ વ્યક્તિને ૧[ ભારતના ફોજદારી અધિનિયમ]ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષા થઈ શકશે. સન ૧૮૬૦નો ૪૫મો

**પક્ષકારોના હકોને બાધ આવ્યા સિવાય કબજો આપવા બાબત.**

૨૨. ૨[ કલમ ૨૩ની પેટા-કલમ (૨) ની જોગવાઈઓને અધિન રહીને જેની તરફેણમાં મામલતદાર અવરોધ દૂર કરવાનો હુકમ કરે અથવા તેને મામલતદાર કબજો આપે અથવા ઉપયોગ ચાલુ કરાવી આપે અથવા જેની તરફેણમાં મનાઈ હુકમ કરવામાં આવે તે પક્ષકાર સત્તા ધરાવતી દીવાની કોર્ટ હુકમનામાથી અથવા હુકમથી બીજી રીતે ન ફરમાવે ત્યાં સુધી અથવા રદ ન કરે ત્યાં સુધી તેની જમીન ઉપરના સપાટીના પાણીનો પ્રવાહ લગોલગની જમીન ઉપર વણથંભ્યો રહેવા દેવાનુ ચાલુ રાખી શકશે અથવા તેનો કબજો અથવા ઉપયોગ ચાલુ રાખી શકશે ]:

પરંતુ જેની વિરૂધ્ધ મામલતદારનો નિર્ણય આપવામાં આવ્યો હોય તે પક્ષકારને કોઈ મિલકતનો કબજો મળ્યો ન હોય અથવા કોઈ ઉપયોગનો ભોગવટો કરવા દેવામાં આવ્યો ન હોય તે મુદત માટેજ વચગાળાનો નફો સત્તા ધરાવતી દીવાની કોર્ટમાં દાવો માંડીને વસૂલ કરવા માટે તે પક્ષકારને આ કલમમાંના કોઈપણ મજકૂરથી બાધ આવે છે. એમ ગણાશે નહીં.

વધુમાં કોઈ મિલકતના કબજા અથવા કોઈ ઉપયોગના ભોગવટા અંગે અથવા કલમ ૨૧ની પેટા-કલમ (૧)ના પરંતુક હેઠળની જેની વ્યવસ્થા કરી હોય તેવા કોઈ પાકના હક્ક અથવા તેની કિંમત ઠરાવવા અંગે મામલતદારે કરેલો નિર્ણય કોઈ દીવાની કોર્ટમાં તે જ પક્ષકારોની અથવા તેમની હેઠળ દાવો કરતી બીજી વ્યક્તિએ વચ્ચે ત્યારપછી કોઈ દાવો કે બીજી કાર્યવાહી થાય તેમાં નિર્ણય ગણાશે નહિ.

**અપીલ ઉપર પ્રતિબંધ.**

૨૩. (૧) આ અધિનિયમ હેઠળ મામલતદારે કરેલા કોઈ હુકમ ઉપર અપીલ થઈ શકશે નહીં.

**મામલતદારની કાર્યવાહીની ફેરતપાસ કરવાની કલેકટરની સત્તા.**

(૨) પરંતુ કલેકટર આ અધિનિયમ હેઠળ કોઈ દાવાનું રેકર્ડ મંગાવી તપાસી શકશે અને તેવા દાવામાંની કોઈ કાર્યવાહી નિર્ણય કે હુકમ ગેરકાયદેસર કે અયોગ્ય છે એમ તેમને લાગે તો પક્ષકારોને યોગ્ય નોટિસ આપ્યા પછી પોતે આ અધિનિયમ સાથે અસંગત ન હોય અને પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

**કલેકટરની સત્તાની સોંપણી.**

૩[ (૨ક) આ કલમથી પોતાને મળેલી સત્તા કલેકટર પોતાના તાબા નીચેના કોઈ ૪[ અથવા મદદનીશ કલેકટર] ૫[નાયબ કલેકટર] ]ને સોંપી શકશે.

**કલેકટર કોર્ટ ગણાશે.**

(૩) કલેકટર, ૨[ મદદનીશ કલેકટર ૩[ અથવા નાયબ કલેકટર ] ] કોઈ કાર્યવાહી શરૂ કરે ત્યારે આ તે અધિનિયમ હેઠળ કોર્ટ ગણાશે.

૨૪. [ સિંધના જ્યુડીશીયલ કમિશનરની કોર્ટની સત્તા ] કાયદા સુસંગતીકરણ હુકમ ૧૯૫૦થી કાઢી નાંખી.

**ખોટી દાવા અરજીની ખરાઈ માટે શિક્ષા.**

૨૫. આ અધિનિયમ હેઠળની જે કોઈ દાવા અરજી અમુક મુદાની બાબતમાં ખોટી છે એમ પોતે જાણતો હોય અથવા માનતો હોય અથવા ખરી છે એમ માનતો ન હોય તેની ઉપર સહી કરનાર અને ખરાઈ કરનાર વાદીએ ૪[ ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૯૩ મુજબ શિક્ષાપાત્ર ગુનો કર્યો છે એમ ગણાશે. ] સન ૧૮૬૦ નો૪૫ મો.

---

૧. કેન્દ્રીય અધિનિયમો.

૨. સન ૧૯૫૪ના મુંબઇના ૬૬માં અધિનિયમની કલમ ૬ થી અસલને બદલે આ ભાગ મૂકયો છે.

૩. સન ૧૯૪૨ના મુંબઈ અધિનિયમ ૨૪ની કલમ ૨ (ક) ની સાથે વાંચતા સન ૧૯૪૭ના મુંબઈ અધિનિયમ ૪૨ની કલમ ૨ થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૪. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૪ની કલમ ૩(૫) થી " મદદનીશ કલેકટર અથવા નાયબ કલેકટર " એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૫. સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ ૪, અનુસૂચિથી " નાયબ કલેકટર અથવા મદદનીશ કમિશનર " એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૨૬. આ અધિનિયમ હેઠળ કોઈ દાવો-- અમુક દાવા ઉપર પ્રતિબંધ.

(ક) તે સમયે અમલમાં હોય તેવા કાયદા હેઠળ યોગ્ય રીતે નીમાયેલા મેનેજર અથવા વાલી તરીકે કામગીરી બજાવતા હોય તે સિવાયના પ્રસંગે પોતાના હોદ્દાની રૂએ કોઈ સરકારી અધિકારીએ કરેલા અથવા કર્યા હોવાનું અભિપ્રેત જણાતા કોઈ કાર્યના સંબંધમાં [1][ સરકાર અથવા તેવા કોઈ અધિકારી સામે ] થઈ શકશે નહીં, અથવા

(ખ) [2][ કોઈ અવરોધ દૂર કર્યાની અથવા ] કોઈ કબજો છોડાવ્યાની, કબજો પાછો મળ્યાની, અથવા કોઈ હરકત કર્યાથી અથવા કબજો મળ્યાથી, જે બાબત આગલી કાર્યવાહીનો વિષય હોય અને એવી કાર્યવાહીમાં વાદી અથવા તેના હિતના પુરોગામી આ અધિનિયમ હેઠળ અથવા કોઈ દીવાની કોર્ટમાં અથવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ના પ્રકરણ ૧૨ મુજબ પક્ષકાર હોય તે બાબત-સંબંધમાં થઈ શકશે નહીં.

*[3][ ૨૭-મુંબઈ રાજ્યના જે ભાગમાં આ અધિનિયમ મામલતદાર કોર્ટ ( વ્યાપ્તિ )અધિનિયમ, ૧૯૫૭ થી લાગુ પાડવામાં આવ્યો તેમાં આ અધિનિયમ અમલમાં આવ્યેથી સૌરાષ્ટ્ર મામલતદાર કોર્ટ વટહુકમ ૧૯૪૮ અને મુંબઈ રાજ્યના કચ્છના વિસ્તારને સુધાર્યા અને લાગુ પાડયા પ્રમાણેનો મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬ તે ભાગમાં આ અધિનિયમનો અમલ થયેથી રદ થયેલો ગણાશે. ] રદ કરવા બાબત અને અપવાદ.

પરંતુ આવી રીતે રદ કરવામાં આવે તે છતાં તેવી રીતે રદ કરેલા કાયદાની જોગવાઈઓ રૂએ અથવા તે હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું પગલું ( કરવામાં આવેલી કોઈ નિમણૂંક, રચવામાં આવેલી કોઈ મામલતદારની કોર્ટ, તેની નક્કી કરેલી પ્રાદેશિક મર્યાદા, આવી કોર્ટોએ કરેલા હુકમો, આવી કોર્ટો સમક્ષ અથવા કલેકટર કે બીજા અધિકારી સમક્ષની નિકાલબાકી કાર્યવાહીઓ અને સરકારે કે કલેકટરે કરેલી સોંપણી સહિત ) આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય, તેટલે સુધી આ અધિનિયમ અમલમાં ચાલુ હોત તેમ આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કરેલું, લીધેલું, કરેલી, રચેલી, નક્કી કરેલી, નિકાલ બાકી અથવા સોંપેલી ગણાશે. )

---

૧. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "તાજ સામે અથવા તાજના કોઈ નોકર સામે" એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૨. સન ૧૯૫૪ના મુંબઈ અધિનિયમ ૬૬ની કલમ ૭ થી આ શબ્દો દાખલ કર્યા છે.
*ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ ૧૯૬૦ થી આ કલમમાં ફેરફાર થતો નથી.

૩. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૪ની કલમ ૩(૬) થી આ કલમ દાખલ કરી છે.

## અનુસૂચિ ક

### કલમ-૧૪ હેઠળ પ્રતિવાદી ઉપર કાઢવાની નોટિસનો નમૂનો

કોર્ટનો સિક્કો

દાવાનો નંબર

..............................ની મામલતદારની કોર્ટમાં.

વાદી;

પ્રતિવાદી;

પ્રતિવાદી--( નામ, ઉંમર, ધર્મ, જ્ઞાતિ, ધંધો અને રહેઠાણ.)

( અહીં વાદીનું નામ, ઉંમર, ધર્મ, જ્ઞાતિ, ધંધો અને રહેઠાણ લખવું ). આ કોર્ટમાં નીચેની બાબત માટે દાવો માંડયો છે : ( અહીં દાવા અરજીની વિગતો જણાવો.)

ઉપર્યુકત વાદીને જવાબ આપવા માટે તમને જાતે અથવા યોગ્ય રીતે અધિકૃત કરેલા એજન્ટ મારફત ..............................ગામમાં આવેલી કોર્ટમાં..............................તારીખ..............................વાગે હાજર થવા માટે તમને આ નોટિસ ઉપરથી સમન બજાવ્યો છે. અને તે તારીખે દાવા અરજીનો આખરી નિકાલ કરવાનો છે. માટે ઉપર પ્રમાણે નક્કી કરેલા સમયે અને સ્થળે તમારા દસ્તાવેજો રજૂ કરવા અને તમારા સાક્ષીઓ હાજર રાખવાની તમારે વ્યવસ્થા કરવાની છે; અને તમને આથી નોટિસ આપવામાં આવે છે કે, ઉપર જણાવેલા સમયે અને સ્થળે તમે હાજર થશો નહિ તો તમારી અને તમારા એજન્ટની ગેરહાજરીમાં દાવાની સુનાવણી કરી નિર્ણય કરવામાં આવશે.

આજ તારીખ..............................માહે..............................સને ૨૦૦..............................

( સહી )

મામલતદાર.

---

નોંધ.–કોર્ટ તમારા સાક્ષીઓ ઉપર સમન કાઢવા તમારી ઇચ્છા હોય તો આમાં જણાવેલી તારીખની અગાઉ યોગ્ય મુદતમાં સમન બજાવી શકાય તેટલા માટે તમારે વિલંબ ન કરતાં તે મતલબની અરજી કરવી.

અનુસૂચિ ખ

કલમ-૧૬ હેઠળ કાઢવાની નોટિસનો નમૂનો

| |
|---|
| કોર્ટનો સિક્કો |

દાવાનો નંબર

..............................ના મામલતદારની કોર્ટમાં

વાદી;

પ્રતિવાદી;

પ્રતિ,

• વાદી ( અથવા પ્રતિવાદી, જે હોય તે ).

સદરહુ ..............................એણે આ કોર્ટમાં કરેલા ઉપર દર્શાવેલા દાવામાં ગયા મહિનાની..............................તારીખે કોર્ટે હુકમ કર્યો છે કે..............................અને સદરહુ વાદીએ ( અથવા પ્રતિવાદીએ, જે હોય તે ) (અહીં કારણો જણાવવાં ) કારણો માટે સદરહુ કેસની ફરી સુનાવણી કરવા માટે આ કોર્ટને..............................મહિનાની..............................તારીખે અરજી કરી છે.

આથી તમને નોટિસ આપવામાં આવે છે કે..............................ગામમાં..............................મહિનાની..............................તારીખ..............................વાગે સદરહુ અરજીની સુનાવણી કરી તેનો નિર્ણય કરવામાં આવશે, અને આથી તમને નોટિસ આપવામાં આવે છે કે સદરહુ સમયે અને સ્થળે તમે જાતે અથવા એજન્ટ મારફત હાજર થશો નહિ તો તમારી ગેરહાજરીમાં અરજીની સુનાવણી કરી તેનો નિર્ણય કરવામાં આવશે અને જો અરજી મંજૂર કરવામાં આવશે તો સદરહુ દાવાની ફરી સુનાવણી કરવા માટે સમય તથા સ્થળ નક્કી કરવામાં આવશે.

આજ તારીખ..............................માહે..............................સન ૨૦૦..............................

( સહી )

મામલતદાર.

## [1] અનુસૂચિ ખખ

### કલમ-૨૧ની પેટા-કલમ (૨) હેઠળ કાઢી આપવાના મનાઈ હુકમનો નમૂનો

કોર્ટનો સિક્કો

દાવાનો નંબર

..................................ના મામલતદારની કોર્ટમાં

વાદી;

પ્રતિવાદી;

પ્રતિવાદી,

ઉપર જણાવેલા દાવામાં કોર્ટે આજે ઠરાવ્યું છે કે, તમે વાદીની નીચે જણાવેલી મિલકતમાં અથવા તેની ઉપર કુદરતી રીતે વધી અથવા ઘટી રહેલા સપાટીના પાણીના કુદરતી પ્રવાહમાં ( અહીં મિલકતનું અને અવરોધ ઊભો ક્ર્યાનું અથવા ઉભો કરવાનો પ્રયત્ન ક્ર્યાનું સાબિત થયું હોય તેનું વર્ણન આપવુ ). અવરોધ ક્ર્યો છે. ( અથવા અવરોધ કરવાનો પ્રયત્ન ક્ર્યો છે );

સત્તા ધરાવતી દીવાની કોર્ટના અધિકાર હેઠળ હોય તે સિવાય બીજી રીતે સદરહુ વાદીની મિલકતમાંથી તમારી મિલકત ઉપર સપાટીના પાણીના કુદરતી પ્રવાહમાં ( અહીં જરૂરી હોય તો જે જાતનો અવરોધ ન કરવાની તાકીદ આપવામાં આવી હોય તે લખવી ) કોઈ અવરોધ કરવાની અથવા એવો અવરોધ કરવાનો પ્રયત્ન કરવાની તમને મનાઈ કરવામાં આવે છે.

આજ તારીખ.............................માહે.......................................સન ૨૦૦....................................

મામલતદાર. ]

---

૧. સન ૧૯૫૪ના મુંબઈના ૬૬માં અધિનિયમની કલમ ૮થી અનુસૂચિ ખખ દાખલ કરી છે.

## અનુસૂચિ ગ

### કલમ-૨૧ની પેટા-કલમ (૨) હેઠળ કાઢી આપવાના મનાઇ હુકમનો નમૂનો

કોર્ટનો સિક્કો

દાવાનો નંબર

................................ના મામલતદારની કોર્ટમાં.

વાદી;

પ્રતિવાદી;

પ્રતિવાદી,

ઉપર જણાવેલા દાવામાં, કોર્ટે આંજે ઠરાવ્યું છે કે, સદરહુ વાદીના કબજામાં નીચે જણાવેલી મિલકત રહેવા દેવામાં ( અથવા પાણીના નીચે જણાવેલા ઉપયોગનો અથવા રસ્તાના નીચે જણાવેલા ઉપયોગના ભોગવટામાં અથવા બીજી રીતે, જેમ હો તેમ લખવું ) તમે ( અહીં જે હરકત અથવા અડચણ કર્યાનું અથવા હરકત અથવા અડચણ કર્યાનો પ્રયત્ન કર્યાનું સાબિત થયું હોય તો તેનું વર્ણન જણાવવું ) હરકત અથવા અડચણ કરી છે ( અથવા હરકત અથવા અડચણ કર્યાનો પ્રયત્ન કર્યો છે. )

તેથી યોગ્ય દીવાની કોર્ટના હુકમનામાની બજાવણીમાં કરવામાં આવે તે સિવાય બીજી રીતે સદરહુ મિલકત વાદીના કબજામાં રહેવા દેવામાં ( અહીં જરૂર હોય તો જે જાતની હરકત અથવા અડચણ ફરીથી ન કરવાની પ્રતિવાદીને તાકીદ આપી હોય તે લખવી ) વધુ હરકત અથવા અડચણ કરવાની તમને આ ઉપરથી મનાઇ કરવામાં આવે છે.

આજ તારીખ................................માહે................................સને ૨૦૦................................

( સહી )

મામલતદાર.

---

સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી, રાજકોટ.